વસંત પંચમી આજેજ શિક્ષાપત્રીની જયંતી છે. ૨૧૨ શ્લોકો વાડી શિક્ષાપત્રી આજે રોજ શ્રીસ્વામિનારાયણ ભગવાને સ્વ હસ્તે લખેલી છે , તે સર્વજીવહિતાવહ છે, છતાં અપનાઇષ્ટદેવે લખેલી હોવાથી એમાં કરેલી અજ્ઞાઓ આપને પહેલી પાડવાનો આગ્રહ રાખવો જોઈએ.અને મહારાજે કહેલી અજ્ઞાઓનું દરરોજ સ્મરણ થતું રહે તેમાટે ભગવાનેજ કહ્યું છે કે આશિક્ષાપત્રીનો દરરોજ પાઠ કરવો, વાંચી ન શકેતેમને સાંભળવી, અને વાંચીસંભળાવે એવો કોઈ ન હોય તો પૂજાકરવી, અને પૂજાપણ ન થઇ શકે તો તે દિવસે ઉપવાસ કરવો એવી અજ્ઞા મહારાજે, ગઢડા અંત્યપ્રકરણ ના ૧ લા વચનામૃતમાંકરી છે, માટે સૌ સત્સંગીએ વાંચી વિચારીજીવનમાં ઉતારી બીજા જીવનું જેમ હિત થાય એવા પ્રયત્ન કરવા.

આપે સ્વામિનારાયણ ભગવાનના ભક્ત છીએ, અને આ અપના માટે મહારાજે લખી છે, એનો વધુ ને વધુ પ્રચાર પ્રસાર થાય એવા પ્રયત્નો કરવા, તો આપે એટલી ભગવાનની સેવા કરીગણાય.

અપના ભુજમંદિરમાં આ દિવસે શિક્ષાપત્રીના એક એક શ્લોક બોલી તુલસીપત્ર,ફૂલ અને ચોખાથી પૂજન કરવામાંઆવે છે, તો તમે તમારાગામના મંદિરમાં જઈને લાભ લેજો,અને જો મંદિરન હોય અથવા જઈ ન શકો તો ઘરે સંપૂર્ણશિક્ષાપત્રીનો પાઠ કરવો. અને શિક્ષાપત્રીનીઆરતી કરી દંડવત પ્રણામ કરીને વિશેષ પ્રાર્થના કરવી.

## શ્રી શિક્ષાપત્રી પૂજનનીરીત

એક બાજોઠ ઉપર સારું કપડું પાથરીશિક્ષાપત્રી લખતા સ્વામિનારાયણ ભગવાન ની મૂર્તિપધરાવવી, આગળ શીક્ષપત્રીને પધરાવી ૧ થી ૨ભક્તો સંસ્કૃતમાં શ્લોક બોલે ન આવડે સંસ્કૃત તો ગુજરાતીમાંબોલે અને પાછળ બધાજભક્તો ' ઓમ શ્રીશિક્ષાપત્રી સ્વરૂપીણે શ્રીસ્વામિનારાયણાય નમઃ ' આ મંત્ર બોલીને તુલસીપત્ર શિક્ષાપત્રી રૂપ મહારાજને અર્પણ કરે.

પછી ભગવાનના ૧૦૮ જનમંગલ નામાવલી બોલીપૂજનકરવું, પછીશિક્ષાપત્રીની આરતી કરવી, પછી 'ભવસંભવ ભીતિભેદનમ' સ્તોત્ર બોલવો, મંત્ર પુષ્પાંજલિઅર્પણકરી પછી 'વિશ્વેશ છો સકલવિશ્વતણા વિધાતા ' આદિશ્લોકો બોલી દંડવત કરીને પૂજનસમાપ્તકરવું.

જય શિક્ષાપત્રી પ્રભુ, જયશિક્ષાપત્રી
ભક્ત જનોના હ્રદયે (2) શુભ શાંતિકર્ત્રી. જય શિક્ષાપત્રી
શ્રી પુરુષોત્તમપ્રભુ નામુખમાંથીઝરતી (2) શ્રવણ કરે તે જનના (2) દુખ:સઘળાહરતી ...જય
શ્રી સત્સંગીજીવન, ગ્રંથમાહીવસતી (2) પ્રકટી પત્રીરૂપે (2) ભુવનેભુવનેધસતી..જય
ત્યાગી ગૃહીદેશીકના ,શુભ ધર્મોકહેતી (2) ભક્તિ જ્ઞાનવૈરાગ્યના (2) મધુરઝરણાવહેતી ...જય
પ્રકટ પ્રભુ સ્વરૂપે રહી , જનના અઘ હરતી(2) વાચન, શ્રવણ, પૂજનથી(2) મન પવન કરતી ..જય
આ અવસર શ્રીહરિએ કરુણા બહુ કીધી (2) ચક્ર સુદર્શનસરીખી (2) નિજ પત્રીદીધી ...જય.
સમય સમય જે ત્હારા શ્રવણ મનન કરશે (2) વર્ણી કહે તે સઘળા (2) ભવસાગરતરશે... જય